# કુદરતી આફત કે માનવસર્જિત ભૂલોનું પરિણામ?



તાજેતરમાં સુરત શહેરમાં સર્જાયેલી પૂરની સ્થિતિએ સમગ્ર ગુજરાતનું ધ્યાન ખેંચ્યું છે. 'ડાયમંડ સિટી' અને 'સિલ્ક સિટી' તરીકે ઓળખાતું સુરત જ્યારે માત્ર થોડા કલાકોના ભારે વરસાદમાં જળબંબાકાર થઈ જાય, ત્યારે વહીવટીતંત્રની સજ્જતા અને સ્માર્ટ સિટીના દાવાઓ સામે મોટા સવાલો ઊભા થાય છે. સુરત માટે પૂર કોઈ નવી વાત નથી; ૧૯૯૮ અને ૨૦૦૬ના વિનાશક પૂરનો ઈતિહાસ આજે પણ લોકોના મનમાં તાજો છે. પરંતુ, દર ચોમાસે સામાન્યથી થોડા વધુ વરસાદમાં પણ શહેરના રસ્તાઓ નદીમાં ફેરવાઈ જવા પાછળ માત્ર કુદરતી આફત જવાબદાર નથી, પણ માનવસર્જિત ભૂલો અને આયોજનનો અભાવ પણ એટલો જ જવાબદાર છે.

સુરતની ભૌગોલિક સ્થિતિ એવી છે કે તે તાપી નદીના કિનારે વસેલું છે. જ્યારે પણ ઉપરવાસમાં (મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં) ભારે વરસાદ થાય છે, ત્યારે ઉકાઈ ડેમની સપાટી ઝડપથી વધે છે. ડેમની સુરક્ષા માટે વહીવટીતંત્રએ લાખો ક્યુસેક પાણી તાપી નદીમાં છોડવું પડે છે. મુશ્કેલી ત્યારે સર્જાય છે જ્યારે ઉકાઈ ડેમમાંથી પાણી છોડવામાં આવે અને તે જ સમયે સુરત શહેરમાં પણ ભારે વરસાદ પડી રહ્યો હોય. આ સંજોગોમાં નદીનું સ્તર ઊંચું આવતાં શહેરનું આંતરિક પાણી નદીમાં જઈ શકતું નથી અને બેક મારે છે, જેના કારણે કિનારાના અને નીચાણવાળા વિસ્તારો પાણીમાં ડૂબી જાય છે.

સુરત સમુદ્ર કિનારાથી ઘણું નજીક છે, તેથી તાપી નદીમાં નિયમિતપણે દરિયાઈ ભરતી અને ઓટ આવે છે. જો ઉકાઈ ડેમમાંથી પાણી છોડવાનો સમય અને દરિયામાં આવતી હાઈટાઈડનો સમય એક થઈ જાય, તો નદીનું પાણી દરિયામાં ઠલવાવાને બદલે પાછું વળે છે. આ કુદરતી પરિબળ સુરતમાં પૂરની તીવ્રતાને અનેક ગણી વધારી દે છે.

છેલ્લા બે-ત્રણ દાયકામાં સુરતનો વિકાસ રોકેટ ગતિએ થયો છે. પરંતુ આ વિકાસ 'કોંક્રિટના જંગલ' જેવો રહ્યો છે. પહેલાં જ્યાં ખુલ્લા મેદાનો, તળાવો અને ખાડીઓ હતી, ત્યાં આજે મોટી રહેણાંક વસાહતો, શોપિંગ મોલ્સ અને ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ બની ગયા છે. જમીન પર કોંક્રિટનું સ્તર વધી જવાથી વરસાદી પાણી જમીનમાં ઉતરી શકતું નથી. પરિણામે, ૧૦૦ ટકા પાણી રસ્તાઓ પર વહી નીકળે છે અને પૂરની સ્થિતિ સર્જે છે.

સુરત મહાનગરપાલિકા પાસે ડ્રેનેજ સિસ્ટમ છે, પરંતુ તે વર્ષો જૂની અને મર્યાદિત ક્ષમતાવાળી છે. શહેરની વસ્તી અને વિસ્તાર જે ઝડપે વધ્યા છે, તે ઝડપે અંડરગ્રાઉન્ડ સ્ટોર્મ વૉટર લાઈનો વ્યાપક બનાવવામાં આવી નથી. જ્યારે એકસાથે ૨ કે ૩ ઈંચ વરસાદ પડે છે, ત્યારે આ લાઈનો પાણીના પ્રવાહને વહન કરવામાં અસમર્થ સાબિત થાય છે.

**જમીન પર કોંક્રિટનું સ્તર વધી જવાથી વરસાદી પાણી જમીનમાં ઉતરી શકતું નથી. પરિણામે, ૧૦૦ ટકા પાણી રસ્તાઓ પર વહી નીકળે છે અને પૂરની સ્થિતિ સર્જે છે**

સુરતની આસપાસથી પસાર થતી ખાડીઓ (જેમ કે કાંકરા ખાડી, મીંઢોળા ખાડી, ભેદવાડ ખાડી) શહેરના કુદરતી ડ્રેનેજ તરીકે કામ કરે છે. વરસાદી પાણી આપોઆપ આ ખાડીઓ મારફતે વહી જતું હતું. પરંતુ, સમય જતાં આ ખાડીઓ કિનારે ગેરકાયદેસર બાંધકામો અને ઝૂંપડપટ્ટીઓ ખડકાઈ ગઈ છે. ખાડીઓની પહોળાઈ અને ઊંડાઈ ઘટી ગઈ છે. વળી, ચોમાસા પહેલાં ખાડીઓની યોગ્ય સફાઈ અને કાંપ કાઢવો ન થવાને કારણે ખાડીઓ ઓવરફ્લો થાય છે અને આજુબાજુના વિસ્તારો જેમ કે લીંબાયત, ઉધના અને ડિંડોલી જળબંબાકાર થઈ જાય છે.

શહેરમાં પાણી ભરાવા માટે માત્ર તંત્ર જ નહીં, પણ નાગરિકોની આદતો પણ જવાબદાર છે. લોકો દ્વારા રસ્તા પર ફેંકવામાં આવતો પ્લાસ્ટિકનો કચરો, કોથળીઓ અને બોટલો વરસાદી પાણીની સાથે ઘસડાઈને ડ્રેનેજના મુખ્ય હોલમાં ફસાઈ જાય છે. આ કચરો ચોકઅપ થવાના કારણે પાણીનો નિકાલ બંધ થઈ જાય છે અને સોસાયટીઓમાં પાણી ભરાવા લાગે છે.

સુરતને ભવિષ્યમાં આવા જળબંબાકારથી બચાવવા માટે ટૂંકા ગાળાના નહીં, પણ લાંબાગાળાના આયોજનની જરૂર છે.

શહેરના ભૌગોલિક ઢાળને ધ્યાનમાં રાખીને આધુનિક સ્ટોર્મ વૉટર નેટવર્ક ઊભું કરવું જોઈએ. તમામ ખાડીઓ પરથી દબાણો હટાવી તેની ઊંડાઈ વધારવી જોઈએ અને પાકા પ્રોટેક્શન વોલ બનાવવા જોઈએ. સુરતના જૂના તળાવોને ઊંડા કરી રિચાર્જ કરવા જોઈએ, જેથી વધારાનું પાણી ત્યાં સંગ્રહિત થઈ શકે.

શહેરમાં પેવર બ્લોકની જગ્યાએ ઈકો-ફ્રેન્ડલી અને પાણી શોષી લે તેવા મટીરિયલનો ઉપયોગ વધારવો જોઈએ.

સુરતમાં આવેલો જળબંબાકાર એ પ્રકૃતિની ચેતવણી છે.

આબોહવા પરિવર્તનના કારણે આગામી વર્ષોમાં પણ આવા ભારે વરસાદની સંભાવના રહેશે જ. તેથી, માત્ર 'સ્માર્ટ' દેખાવાને બદલે સુરતે આપત્તિ વ્યવસ્થાપન અને પાણીના નિકાલની વ્યવસ્થામાં પણ 'સુપર સ્માર્ટ' બનવું પડશે. વહીવટીતંત્રનું સચોટ આયોજન અને નાગરિકોની જાગૃતતા જ સુરતને ભવિષ્યના જળબંબાકારથી બચાવી શકશે.

## રામ મંદિર કૌભાંડથી રોષિત બ્રાહ્મણોને શાંત કરવા યોગી સરકારની 'નામ બદલો' ચાલ!



રામ મંદિરના દાનમાં ગેરરીતિના વિવાદની પશ્ચાદભૂમાં, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની સરકારે જલાલાબાદનું નામ બદલીને 'પરશુરામ પુરી' કરવાનો નિર્ણય કર્યો છે. આ પગલું બ્રાહ્મણ સમુદાયને શાંત કરવાના હેતુથી લેવાયું હોવાનું મનાય છે, જે હાઈ-પ્રોફાઈલ રામ મંદિરમાં દાનની ચોરીના અહેવાલોથી ઘણો આહત થયો છે. એવું લાગે છે કે દાન કૌભાંડના સમાચાર બહાર આવ્યા પછી બ્રાહ્મણ સમુદાયમાં શરૂ થયેલા ગણગણાટથી ભાજપ ચિંતિત છે. તેને આ પ્રભાવશાળી જૂથ તરફ એક સકારાત્મક સંકેત આપવાની જરૂરિયાત અનુભવાઈ રહી છે, જે ૧૯૮૦ના દાયકામાં રામ મંદિર આંદોલનના સમયથી પક્ષનું વફાદાર સમર્થક રહ્યું છે. ઉત્તર પ્રદેશમાં બ્રાહ્મણો માટે પરશુરામ એક આદરણીય વ્યક્તિ છે. જો કે જલાલાબાદ તહેસીલને યુપી સરકાર દ્વારા ઘણા સમય પહેલા જ 'પરશુરામ ભૂમિ' જાહેર કરવામાં આવી હતી, પરંતુ યોગી સરકારે તેનું નામ બદલવા માટે કોઈ પગલું ભર્યું ન હતું. તેણે આખરે હવે તેમ કર્યું છે, આ આશા સાથે કે સમુદાયમાં ઉકળી રહેલો રોષ શાંત થઈ જશે. નોંધનીય છે કે જલાલાબાદ નામ અકબર બાદશાહના નામ પરથી રખાયું હતું જે અકબરનું મૂળ નામ જલાલુદ્દીન હતું. રસપ્રદ વાત એ છે કે, અખિલેશ યાદવની સમાજવાદી પાર્ટી છેલ્લા કેટલાક સમયથી બ્રાહ્મણ સંમેલનો યોજીને બ્રાહ્મણોને રીઝવવાનો પ્રયાસ કરી રહી છે. માયાવતીની બસપા પણ આગામી વર્ષની વિધાનસભા ચૂંટણી માટે ટિકિટ આપવાના વચનો સાથે આ સમુદાય સુધી પહોંચવાનો પ્રયત્ન કરી રહી છે. ભાજપને દેખીતી રીતે જ આશા છે કે તે જલાલાબાદનું નામ પરશુરામના નામ પર રાખીને આ તમામ ચાલનો સફળતાપૂર્વક સામનો કરી શકશે. પરંતુ, બ્રાહ્મણોને સંતુષ્ટ કરવા માટે આટલું પૂરતું છે કે નહીં તે જોવાનું બાકી છે. રામ મંદિરમાં દાનની ચોરીના અહેવાલોને લઈને સમુદાયમાં સ્પષ્ટ આક્રોશ જોવા મળી રહ્યો છે. જો કે યોગી સરકારે ઝડપથી કાર્યવાહી કરીને એસઆઈટી તપાસના આદેશ આપ્યા અને આઠ લોકોની ધરપકડ કરી, તેમ છતાં બ્રાહ્મણો અનુભવે છે કે દાનની આ ગેરરીતિ એ તેમની આસ્થા અને વિશ્વાસ સાથે વિશ્વાસઘાત છે. વિશ્વ હિન્દુ પરિષદના નેતાઓ અને મોદી સરકાર દ્વારા નિયુક્ત કરાયેલા લોકો દ્વારા ચલાવવામાં આવતા મંદિરમાં આવું કંઈક થશે તેવી અપેક્ષા તેમણે ચોક્કસપણે નહોતી રાખી.

## E20 પેટ્રોલના મામલે મોદી સરકાર મૂંઝવણમાં

**ઈધર-ઉધરકી**
આરતી જેરથ

મોદી સરકારે ભલે પોતાની જીદ પર અડી રહીને E20 પેટ્રોલ (જેમાં ૨૦% ઇથેનોલ મિશ્રિત હોય છે)ના વેચાણ અંગે પુનર્વિચાર કરવાનો ઇનકાર કરી દીધો હોય. જો કે, પેટ્રોલમાં ઇથેનોલનું પ્રમાણ વધારીને ૨૫% કરવાના નિર્ણય પર સરકારને તેના પોતાના મધ્યમ વર્ગના મતદાતાઓ તરફથી ભારે વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે. પરિણામે, સરકાર E25ના અમલીકરણમાં ધીમી પડી રહી છે.દેખીતી રીતે જ, ઓટોમોબાઈલ ઉત્પાદકોના વિરોધ ઉપરાંત, મધ્યમ વર્ગના સમર્થકો તરફથી મળેલા પ્રતિભાવ આ પગલા સામે ગંભીર વિરોધ દર્શાવે છે. ગ્રાહકોને ડર છે કે E25 પેટ્રોલ ઇંધણની ક્ષમતા (માઈલેજ) ઘટાડે છે અને કારના એન્જિનને વધુ ઝડપથી નુકસાન પહોંચાડે છે. આનાથી કાર ચાલકો પર બોજ વધશે કારણ કે તેમણે પેટ્રોલ પાછળ વધુ ખર્ચ કરવો પડશે અને તેમની કાર વહેલી બદલવી પડશે. તેમના ઘણા સમર્થકો તો ખરેખર એવું ઈચ્છે છે કે સરકાર પેટ્રોલમાં ઇથેનોલ ભેળવવાનો પોતાનો નિર્ણય સંપૂર્ણપણે પાછો ખેંચે અને ફરીથી શુદ્ધ ઇંધણ તરફ પાછી વળે. ગ્રાઉન્ડ રિપોર્ટ્સના કારણે સરકાર હાલ બચાવ પક્ષે આવી ગઈ છે, અને તાજેતરમાં જ તેમણે E20 પેટ્રોલનો પુરવઠો ચાલુ રાખવાના નિર્ણયનો બચાવ કરવા માટે કેન્દ્રીય પરિવહન મંત્રી નિતિન ગડકરી (જેમના પુત્ર મોટા પાયે ઇથેનોલનું ઉત્પાદન કરે છે) અને કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપ પુરી જેવા ટોચના મંત્રીઓને મેદાનમાં ઉતાર્યા છે.




## રામ મંદિર કૌભાંડને કારણે મુખ્યમંત્રીઓ બદલવાનું માંડી વળાયું?



માત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કેબિનેટમાં જ નહીં પરંતુ અનેક રાજ્યોમાં ભાજપના મુખ્યમંત્રીઓમાં પણ મોટા પાયે ફેરબદલની ભારે અટકળો ચાલી રહી હતી. જો કે, ૨૧ જુલાઈથી સંસદનું ચોમાસુ સત્ર શરૂ થવાનું હોવાથી, ચર્ચા એવી છે કે હાલ પૂરતું કોઈ ફેરબદલ થશે નહીં. ભાજપના વર્તુળોનું કહેવું છે કે રામ મંદિરના દાનમાં ગેરરીતિના કૌભાંડે સમગ્ર સંઘ પરિવારની અંદરનું સંતુલન ખોરવી નાખ્યું છે. જો કે આ ચોરીના કેસમાં મંદિરના આઠ નાના કર્મચારીઓની ધરપકડ કરવામાં આવી છે, પરંતુ મોટાભાગના લોકોનું માનવું છે કે તેઓ માત્ર નાની માછલીઓ છે અને આ કૌભાંડમાં મોટા નામો સામેલ છે જેમને પકડવામાં આવતા નથી. આ કૌભાંડે વિશ્વ હિન્દુ પરિષદના બે મોટા નેતાઓ, ચંપત રાય અને અનિલ મિશ્રાની ખુરશી પહેલેથી જ છીનવી લીધી છે. તેઓએ નૈતિક જવાબદારી સ્વીકારીને રાજીનામું આપી દીધું છે. લાગે છે કે જ્યાં સુધી એસઆઈટી તેની તપાસ પૂર્ણ ન કરે અને આખું ચિત્ર સ્પષ્ટ ન થાય ત્યાં સુધી કેન્દ્રીય કેબિનેટ કે રાજ્યોમાં કોઈ મોટા ફેરફારો થવાની સંભાવના નથી.

# નાનુંમોટું છમકલું થાય તો ડાંગની જ નહીં, ગુજરાતની છબી બગાડે

**ક્રાઈમ કોડ**
પ્રફુલ શાહ

આહવામાં જમા થયેલી મેદની બપોરે બારથી બે વાગ્યા વચ્ચે યોજાનારા ડાંગ દરબારના મુખ્ય દરબાર એટલે કે સત્તાવાર સમારંભની રાહ જોતી હતી. આનો ભારે દબદબો કારણ કે ડાંગના પરંપરાગત નાયક એટલે કે રાજાઓ આવે, રાજ્યના રાજ્યપાલ, પ્રધાન અને ટોચના અધિકારીઓ પધારે. અહીં સન્માન અને પરંપરાગત વિધિનો સમય ડાંગ દરબારનું ઐતિહાસિક હૃદય મનાતું હતું.

મેદની સમારંભની રાહ જોતી હતી, પણ વર્દીધારી અને પ્લેન ક્લોથ્સ પોલીસવાળા તથા સલામતી એજન્સીવાળાનો સમય અજંપામાં વીતી રહ્યો હતો. ધમકી સાચી પડે અને નાનું-મોટું છમકલું થાય તો ડાંગની જ નહીં, ગુજરાતની છબી બગાડે. એવું કોઈ પણ સંજોગોમાં ન થવું જોઈએ એવો ગાંધીનગરનો આગ્રહ હતો ને દિલ્હીનો આદેશ. દેશમાં ફરી આતંકવાદ માથું ઊંચક્યું ને શરૂઆત ગુજરાતથી થઈ એવો મેસેજ દેશ અને દુનિયાને ન જાય એ માટે જે કરવું પડે એ કરવાની પૂરેપૂરી છૂટ અપાઈ હતી. આહવાથી ગાંધીનગર અને ગાંધીનગરથી દિલ્હીની હોટલાઈન સતત સક્રિય હતી.

●●●

આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર કાવ્યા રાણા સામે બેઠેલા સેબાસ્ટિયન ગોન્સાલવિસ ઉર્ફે સબાને જોઈ રહી હતી. કાવ્યા દેખાવે આકર્ષક અને લોકોનું ધ્યાન ખેંચી લે તેવી હતી. આત્મવિશ્વાસથી એકદમ છલોછલ.

વાક્ચાતુર્ય અને અભિવ્યક્તિમાં નિપુણ. સામાજિક અને પોલીસ ખાતાના આંતરિક રાજકારણમાં ઊંડો રસ. આ બાબતમાં ખુદ માહેર હોવાનો સુપિરિયોરિટી કોમ્પ્લેક્સ પણ ખરો. પરિસ્થિતિ અને હવાના રુખ અનુસાર પોતાનો સ્વભાવ, અભિપ્રાય અને બોલવાની શૈલી બદલવામાં કુશળ. સ્વભાવ અંતરંગ ને અત્યંત મહત્ત્વાકાંક્ષી. સત્તા, પ્રભાવ અને નિયંત્રણ તરફ આકર્ષિત. એની માનસિકતા મુજબ અંતિમ પરિણામ જ સૌથી અગત્યનું ને ત્યાં સુધી પહોંચવા માટે કોઈ રસ્તા કે ઉપાયનો બાધ ન રાખે.




**દેશમાં ફરી આતંકવાદ માથું ઊંચકે અને તેની શરૂઆત ગુજરાતથી થઇ એવો સંદેશ દેશ અને દુનિયાને ન જાય, એ માટે જે કરવું પડે તેની પૂરેપૂરી છૂટ અપાઇ હતી**

વાળની લટ બરાબર કરતાં કાવ્યાએ વધુ પડતાં વિવેક અને મીઠાશ સાથે શરૂઆત કરી. 'હવાલદારના વાહિયાત વર્તન બદલ હું માફી માંગું છું... સોરી... આપની ફરિયાદ શું છે, સર?'

તેણે ડાયરી નજીક ખેંચીને બોલપેન ખોલી. સબા થોડો શાંત પડ્યો. એ બોલવા ગયો તો કાવ્યાએ રોક્યો. 'ખૂબ તાણમાં લાગો છો આપ. પહેલાં ચા-પાણી, પછી વાત.'

સબાને ઉતાવળ હતી, પણ એ ચૂપ રહ્યો. ચા-પાણી પતાવીને કાવ્યા સબા સામે જોઈને હળવા સ્માઈલ સાથે બોલી, 'હવે તમે સ્વસ્થ હો તો જણાવો કે મામલો શું છે?'

'હું બરબાદ થઈ ગયો... કાલથી મારી વાઈફ લાપતા છે...'

'ઓહ, આઈ એમ સોરી, પણ ડોન્ટ વરી... પોલીસ બેઠી છે ને... અમે તમારા વાઈફને શોધી લાવીશું. શું નામ એમનું?'

'આયેશા... ઉંમર ૩૫ વર્ષ... તમે પૂછો ને સમય બગડે એ પહેલાં કહી દઉં કે મારી આયેશા કોઈ ઓળખીતા, સગા, ફ્રેન્ડ કે પાડોશીને ઘરે નથી... બધે ફરી વળ્યા અમે... હવે તમે એના ફોટા માંગશો, તો આ રહ્યા ફોટા.'

બે ફોટા કાવ્યા સામે મૂકીને એ રડમસ થઈ ગયો. સુંદર દેખાતી હતી આયેશા ફોટામાં. વધુ કંઈ બોલે એ અગાઉ સબા ઊભો થવા ગયો, પણ પાછો ખુરશીમાં એકદમ ફસડાઈ પડ્યો. કાવ્યાએ બૂમ પાડી, 'હવાલદાર, સામેથી ફટાફટ ડૉક્ટરને લઈ આવ તો...'

●●●

પોલીસ સુપરિન્ટેન્ડન્ટ સુરેન્દ્ર પુષ્કર્ણા ક્યારના તલપાપડ હતા ઈન્સ્પેક્ટર નીરવ ત્રિવેદીને અને તેમણે પકડેલા બે શકમંદને મળવા માટે. પણ દિલ્હી, ગાંધીનગર અને વલસાડથી વારાફરતી ફોન આવી રહ્યા હતા. બીજી તરફ રાજ્યપાલના સેક્રેટરી અને પ્રધાનના પી.એ. ટેન્શનમાં હતા. તેમને કડક સૂચના મળી હતી કે પ્રોગ્રામ રાબેતા મુજબ જ કરવાનો છે. આથી બન્ને કલાકે-કલાકે પુષ્કર્ણાનું માથું ખાતા હતા.

નાછૂટકે ફોનને સાઈલન્ટ મોડ પર મૂકીને પુષ્કર્ણા ઊભા થઈને કેબિનની બહાર નીકળી ગયા. ઈન્સ્પેક્ટર નીરવ ત્રિવેદીના ખભે હાથ મૂકીને બોલ્યા, 'વેલડન, ત્રિવેદી. તમારી વાતો તો મેં સાંભળી, પણ એથી વિશેષ કંઈ?'

'ના, સર. પૂછપરછ જલદી શરૂ કરી દઈએ.'

'હા. ચાર જણા ભલે આપણા કબજામાં છે, પણ હજી માઈકલ ડી'કોસ્ટા અને ભુરા ભીલ આપણી પહોંચની બહાર છે. પણ ભુરો તો સ્થાનિક યુવાન છે. એ ભળેલો હોય એવી શક્યતા લાગતી નથી... શું ડાંગમાં સ્લીપર સેલ એક્ટિવ હશે?'

**અતા-પતા-લાપતા -10**

'સર, આ બધાના બેકગ્રાઉન્ડ ચેક કરવા પડશે ને મુંબઈમાં?'

'હાસ્તો. પણ મોકલવા કોને આવા ટેન્શન વચ્ચે... પણ હું મુંબઈ પોલીસનો કોન્ટેક્ટ કરી જોઉં છું. અરે ત્રિવેદી, એક છોકરીને પણ અટકાયતમાં લીધી છે, તો પૂછપરછમાં એક લેડીઝને હાજર રાખવી પડશે. તમારા પોલીસ સ્ટેશનમાં કોઈક છે, એને બોલાવી લો.'

એ વખતે ઈન્સ્પેક્ટર નીરવ ત્રિવેદીને કે એસ.પી. સુરેન્દ્ર પુષ્કર્ણાને ખબર નહોતી કે આહવા અટેકની ઉકેલાતી લાગતી ગાંઠ હજી વધુ ગૂંચવાવાની હતી.

(ક્રમશઃ)

**સટ્ટાક —— કમલ ——**




